અપીલ અરજી નં.૩૧૦ તા.૨૨–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી તુલસીદાસ બી. વાઘેલા
સામાવાળાઃ– ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ– –**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી તુલસીદાસ બી. વાઘેલાની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ૧. તા.૩–૭–૦૯ નં.સી/૯૩૭ ના પત્ર બાબતમાં નોર્થઝોન કતારગામ તરફથી જે કાર્યવાહી કરવામાં આવી છે અને કાર્યવાહી ચાલુ છે તેની સંપૂર્ણ નકલો આપવી. ૨. નગર રચના અધિકારી એકમ–૬ સુરતના પત્ર નં.ન.ર.યો./૨૭ (ઉત્રાણ–કોસાડ) ઓ.પી. ૮૮/૧૭૪૧ તા.૬–૧૧–૦૯ ના પત્રથી અભિપ્રાય માંગવામાં આવેલ છે તો આ વિષયમાં ફા.પ્લોટ નં.૮૬ ના રસ્તા બાબતે જે અભિપ્રાય આપ્યો છે તેની સંપૂર્ણ નકલ તથા પ્લાન ઉપર જે અભિપ્રાય આપ્યો છે તે પ્લાનની સંપૂર્ણ નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૦/૨૦૦૯–૧૦

શ્રી તુલસીદાસ બી. વાઘેલાની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ૧. તા.૩–૭–૦૯ નં.સી/૯૩૭ ના પત્ર બાબતમાં નોર્થઝોન કતારગામ તરફથી જે કાર્યવાહી કરવામાં આવી છે અને કાર્યવાહી ચાલુ છે તેની સંપૂર્ણ નકલો આપવી. ૨. નગર રચના અધિકારી એકમ–૬ સુરતના પત્ર નં.ન.ર.યો./૨૭ (ઉત્રાણ–કોસાડ) ઓ.પી. ૮૮/૧૭૪૧ તા.૬–૧૧–૦૯ ના પત્રથી અભિપ્રાય માંગવામાં આવેલ છે તો આ વિષયમાં ફા.પ્લોટ નં.૮૬ ના રસ્તા બાબતે જે અભિપ્રાય આપ્યો છે તેની સંપૂર્ણ નકલ તથા પ્લાન ઉપર જે અભિપ્રાય આપ્યો છે તે પ્લાનની સંપૂર્ણ નકલની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૦ તા.૧૬–૧૨–૦૯ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ નો કોઈ જવાબ આપેલ નહીં હોવાનું તથા મુદ્દા નં.૨ નો જવાબ અધૂરો અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૦ તા.૪–૧–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત જણાવેલ વિષય અને સંદર્ભે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૨ ની માહિતી નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૦ તા.૧૬–૧૨–૦૯ થી નગર રચના અધિકારી એકમ–૬ ના પત્ર નં.નરયો/૨૭ (ઉત્રાણ–કોસાડ) ની કામચલાઉ પુનઃ રચના દરખાસ્તને પરામર્શ/અભિપ્રાય આપવા અંગેની કાર્યવાહી હાલમાં પ્રગતિમાં હોઈ માંગ્યા મુજબની માહિતી હાલ આપી શકાય નહી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે ઉપરોકત માહિતીના મુદ્દા નં.૧ નો કોઈ જવાબ આપેલ નથી તથા મુદ્દા નં.૨ નો જવાબ અધૂરો અને સંતોષકારક નથી માંગ્યા મુજબના પ્લાનની નકલ આપી નથી તથા લેખિતમાં જે કાર્યવાહી ચાલુ છે તેની પણ નકલ આપી નથી તેવું જણાવી અરજદારે તા.૨૨–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અત્રે મળેલ માહિતી જોતાં અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર કરેલ નથી તેમજ તબદીલ પણ કરેલ જણાતી નથી. જે કલમ ૬(૩) હેઠળ દિન–૫ માં કરવી આવશ્યક છે.

જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા "કાર્યવાહી હેઠળ" હોઈ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર આપેલ છે. જે આરટીઆઈ એકટની કલમ૨(એફ) તથા ૨ (જે) ની જોગવાઈ અનુસાર "ઉપલબ્ધ માહિતી " આપવાની જોગવાઈ સાથે સુસંગત છે. તદ ઉપરાંત કલમ–૮(૧) આઈ હેઠળ અધિકારીના વિચારવિર્મશને લગતા કાગળો આખરી નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી અપવાદ હેઠળ આવે છે તે સાથે પણ સુસંગત જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ ની નહીં પૂરી પડાયેલી માહિતી અંગે જો માહિતી તેઓ કક્ષાએ હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને પૂરી પાડવા અને તેમના કાર્યક્ષેત્રમાં ન હોય તો દિન–૫ માં લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૨ અંગે કાર્યવાહી પૂર્ણ થયા બાદ અરજદાર અલગ અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી તુલસીદાસ બી. વાઘેલા,